# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-05-2025** **Morning : 7.10 to 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

---

1. **અમદાવાદના ચંડોળા તળાવ પરના ગેરકાયદે દબાણો દૂર કરવાનો આજથી બીજો તબક્કો શરૂ**
2. **સુરતના જહાંગીરપુરા વિસ્તારમાંથી ડ્રગ્સ સાથે એક યુવકની ધરપકડ.**
3. **કેન્દ્રશાસિત પ્રદેશ દીવના ઘોઘલા બીચ ખાતે ઇન્ડિયા બીચ ગેમ્સનો પ્રારંભ - 30 રાજ્યોના એક હજાર 350 ખેલાડીઓ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેશે**
4. **સૈન્યના સાહસ અને શૌર્યને બિરદાવવા જામનગરમાં સિંદૂર યાત્રા યોજાઇ.**
5. **રાજ્યભરમાં સાત દિવસ સુધી કમોસમી વરસાદ ની હવામાન વિભાગની આગાહી.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# CHANDOLA DEMOLITION

અમદાવાદમાં ચંડોળા ડિમોલિશનનો બીજો તબક્કો આજથી શરૂ થશે. પોલીસ કમિશનર જી. એસ. મલિકે જણાવ્યું કે , "આ કામગીરી લગભગ 3-4 દિવસ સુધી ચાલુ રહેશે, જોકે તેમાં 1-2 દિવસ વધુ કે ઓછા સમય લાગી શકે છે. પ્રથમ તબક્કા દરમિયાન ચંડોળા તળાવમાં લગભગ એક લાખ 50 હજાર ચોરસ મીટર જગ્યા પરથી દબાણ દૂર કરાયું હતું.

## બાઈટ: જી.એસ.મલિક – પોલીસ કમિશનર

---

# SURAT DRUGS

સુરતના જહાંગીરપુરા પાસેથી એસઓજીએ બાતમીના આધારે એક યુવકને ઝડપી પાડી તેની પાસેથી રૂપિયા 12 લાખ 95 હજારની કિંમતનો 129.58 ગ્રામ એમ.ડી. ડ્રગ્સનો જથ્થો કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

એસઓજીના જણાવ્યા મુજબ, સ્ટાફના માણસોએ બાતમીના આધારે જહાંગીરપુરા શરણમ રેસીડેન્સીની સામે સ્વસ્તિક વિલા તરફ જતા રોડ પાસેથી બાઈક ઉપર જતા, મૂળ મહારાષ્ટ્રના યુવાનને ઝડપી ડ્રગ્સનો જથ્થો કબજે કર્યો હતો. એસઓ જીએ ડ્રગ્સ,; બાઈક અને મોબાઈલ મળી કુલ રૂપિયા 13 લાખથી વધુનો મુદ્દા માલ કબજે કરી હાથ ધરેલી પ્રાથમિક પુછપરછમાં ડ્રગ્સનો જથ્થો સુરતના એક શખ્સે મંગાવ્યો હોવાનો ખુલાસો થયો હતો.. જહાંગીરપુરા પોલીસમાં

ગુનો દાખલ કરી ડ્રગ્સનો જથ્થો આપનાર અને મંગાવનારને વોન્ટેડ બતાવી આગળની તપાસના ચક્રોગતિમાન કર્યા છે.

---

# KHELO INDIA BEACH GAMES

ખેલો ઇન્ડિયા બીચ ગેમ્સનો ગઈ કાલે કેન્દ્રશાસિત પ્રદેશ દીવના ઘોઘલા બીચ ખાતે પ્રારંભ થયો. કેન્દ્રીય રમતગમત મંત્રી મનસુખ માંડવિયાએ એક ભવ્ય કાર્યક્રમમાં રમતોત્સવનો આરંભ કરાયો હતો.

ઉદઘાટન સમારોહમાં પરંપરાગત નૃત્યો દ્વારા ભારતની ભવ્ય સંસ્કૃતિનું પ્રદર્શન કરવામાં આવ્યું. ઉદઘાટન પ્રસંગે શ્રી માંડવિયાએ જણાવ્યું કે , ભારતનાં રમતવીરોએ વૈશ્વિક સ્તરે ભારતનું નામ રોશન કર્યું છેઃ

## (BYTE MANSUKH MANDAVIYA)

શનિવાર સુધી રમાનારી આ સ્પર્ધામાં 30 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોનાં 1 હજાર 350 થી વધુ રમતવીરો ભાગ લેશે. જેમાં , બીચ સોકર, બીચ વોલીબોલ, બીચ કબડ્ડી, બીચ સેપક ટકરાવ , પેનકેક સિલાટ અને ઓપન વોટર સ્વિમિંગ.જેવી છ મેડલ ઇવેન્ટ્સમાં સ્પર્ધાઓ યોજાશે -આ ઉપરાંત , આ સ્પર્ધામાં મલખમ અને દોરડા ખેંચ જેવી પરંપરાગત રમતોને પણ સમાવવામાં આવી છે.

---

# JAM SINDOOR YATRA

જામનગરના ધારાસભ્ય રિવાબા જાડેજાના નેતૃત્વમાં જામનગર ખાતે સૈન્યના સાહસ અને શૌર્યને બિરદાવવા માટે સિંદૂર યાત્રા યોજવામાં આવી હતી . પહલગામમાં થયેલા આંતકવાદી હુમલા અને ત્યારબાદ ભારતીય સેનાએ પાકિસ્તાનને આપેલા ઓપરેશન સિંદૂરમાં જડબાતોડ જવાબ અંતર્ગત યોજાયેલી આ યાત્રામાં મોટી સંખઅયામાં નગરજનો જોડાયા હતા. ધારાસભ્ય રીવાબા જાડેજાએ જણાવ્યું હતું કે , ભારતીય સેનાના જવાનોએ પાકિસ્તાનને જે રીતે મહાત કરી અને દેશને સમગ્ર વિશ્વમાં ગૌરવ અપાવ્યું છે તે અદ્વિતિય છે.

## બાઈટ : રિવાબાજાડેજા,ધારાસભ્ય, જામનગર

---

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી 25 મે-એ આકાશવાણી પરથી પ્રસારિત થનારા ‘મન કી બાત’ કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. આ માસિક રેડિઓ કાર્યક્રમની 122-મી કડી હશે. લોકો પોતાના વિચાર અને મંતવ્ય ટૉલ-ફ્રી નંબર 1800-11-7800 ના માધ્યમથી મોકલી શકે છે. લોકો પોતાના વિચાર નરેન્દ્ર મોદી ઍપ્લિકેશન અથવા માય G.O.V. ઑપન ફૉરમના માધ્યમથી પણ મોકલી શકે છે. કાર્યક્રમ માટે 23 મે સુધી મંતવ્ય અને વિચાર સ્વીકારવામાં આવશે.

---

# WEATHER

રાજ્યમાં આગામી 7 દિવસ કમોસમી વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર 21 મેથી વરસાદની ગતિ વધશે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં મધ્યમથી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જ્યારે 24 મેના રોજ રાજ્યમાં ગાજવીજ સાથે સાર્વત્રિક વરસાદ પડી શકે છે.

---

# HARSH SANGHVI AHMEDABAD

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી , પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન દ્વારા આયોજિત વરિષ્ઠ નાગરિકો અને દિવ્યાંગો માટે વિનામૂલ્યે સાધન સહાય કેમ્પમાં સહભાગી થયા જ્યાં તેમના હસ્તે 350થી વધુ દિવ્યાંગોને વિનામૂલ્યે સાધન વિતરણ કરાયા હતા. આ પ્રસંગે મંત્રીશ્રીએ નાગરિકો સાથે સંવાદ કરતા જણાવ્યું હતું કે, ખેલ મહાકુંભમાં દિવ્યાંગો આજે જે રીતે રાજ્ય અને દેશનું નામ રોશન કરી રહ્યા છે અને વિકાસની દિશામાં આગળ વધી રહ્યા છે, તે જોઈને આનંદની અનુભૂતિ થાય છે.

આ ઉપરાંત ગૃહ રાજ્યમંત્રીએ ડોગ શેલ્ટર હાઉસની મુલાકાત લઈ માહિતી મેળવી હતી. તથા ઘાયલ પશુ-પક્ષીઓની તાત્કાલિક સારવાર માટે મલ્ટી સ્પેશિયાલિટી એમ્બ્યુલન્સ હોસ્પિટલનું ઉદ્ઘાટન પણ કર્યું હતું.

---

# HELPLINE NUMBER

ધોરણ 10 અને ધોરણ 12 પછીના અભ્યાસક્રમની પસંદગી માટે વિદ્યાર્થીઓ અને વાલીઓને મૂંઝવતો સૌથી મોટો પ્રશ્ન હોય છે. આ મુંઝવણને દૂર કરવા માટે અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે કારકિર્દીના પ્રશ્નોનું નિરાકરણ લાવવા એક અનોખી પહેલ કરવામાં આવી છે.

અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારી ( શહેર)ની કચેરી દ્વારા વિદ્યાર્થીઓ માટે કારકિર્દી હેલ્પલાઇન શરૂ કરવામાં આવી છે. જે અંતર્ગત વિદ્યાર્થીઓ 99099 22648 નંબર પર પોતાને મૂંઝવતા પ્રશ્નોનું નિરાકરણ અને કારકિર્દી વિષયક માહિતી સરળતાથી મેળવી શકશે. અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારીની ( શહેર) કચેરી દ્વારા કારકિર્દી ડિજિટલ વિશેષાંક પણ બહાર પાડવામાં આવ્યો હતો.

---

# WORLD BEE DAY

આજે વિશ્વ મધમાખી દિવસ છે. ત્યારે રાજ્યમાં મધમાખી પાલન ખેડૂતોની સમૃદ્ધિનો મધુર માર્ગ બન્યો છે. છેલ્લા એક દાયકામાં મધમાખી પાલન કરતા ખેડૂતોની સંખ્યામાં નોંધપાત્ર વધારો છે. સાંભળીએ એક અહેવાલ

## (વોઇસ કાસ્ટ : વિધિ મોદી)

મધમાખી પાલનને પ્રોત્સાહન આપવા રાજ્યના ખેડૂતોને વિવિધ યોજના હેઠળ 8 કરોડ 76 લાખ રૂપિયાથી વધુની સહાય ચૂકવાઈ છે. કૃષિ મંત્રી રાઘવજી

પટેલે જણાવ્યું કે રાજ્યના 53 આદિજાતિ તાલુકાના 5 હજાર 300 લાભાર્થીઓને ચાલુ વર્ષે બે-બે મધમાખીની પેટીઓ વિનામૂલ્યે અપાશે. જેથી તેઓ સરળતાથી મધમાખી પાલન શરૂ કરી શકે.મિશન મધમાખી હેઠળ અત્યાર સુધીમાં 11 હજાર 300 જેટલા લાભાર્થી ખેડૂતોને મધમાખી ઉછેરની અદ્યતન તાલીમ આપવામાં આવી છે.

વિધિ મોદી, આકાશવાણી સમાચાર, અમદાવાદ....

---

# VALSAD MADH MAKHI

મધમાખીઓ જૈવવિવિધતાના સંરક્ષણ, પર્યાવરણીય સંતુલન અને પ્રદૂષણ ઘટાડવામાં ખૂબ જ મહત્વની ભૂમિકા ભજવે છે.મધમાખીના ઉછેરમાં વલસાડના ખેડૂતનું મહત્વનું યોગદાન છે.

પ્રધાનમંત્રીના “સ્વીટ રિવોલ્યુશન”ની પહેલને સમગ્ર રાજ્યમાં નવી ઓળખ આપતા વલસાડના ફણસવાડા ગામના ખેડૂત મનમોહન પટેલ મધઉત્પાદન વ્યવસાયને વિશાળ ફલક પર લઈ જઈ વર્ષે ૨૫ ટન મધ ઉત્પાદન સાથે રૂ. 30 લાખની આવક મેળવી અન્ય ખેડૂતોને  પ્રેરણા પુરી પાડી રહ્યા છે.

---

# CIVIL ORGAN DONATION

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં 193મું અંગદાન થયું    છે. જેમાં બે કીડની , લીવર,  બે આંખો તથા ચામડીનું દાન મળ્યું છે. સિવિલ હોસ્પિટલના તબીબી

અધિક્ષક ડૉ.રાકેશ જોશીએ જણાવ્યું કે શહેરમાં જ રહેતા 45 વર્ષના બ્રેઇનડેડ હેમંત સોનીને ખેંચ આવતા હોસ્પિટલમાં લગભગ 48 કલાકની સઘન સારવાર અને તબીબોના પ્રયત્નો છતા આખરે તેઓને બ્રેઇન ડેડ જાહેર કરાયા હતા. ત્યાર બાદ તેમના માતાએ પુત્રના અંગોનું દાન કરવાનો નિર્ણય કર્યો હતો. શ્રી જોશીએ જણાવ્યું કે સિવિલ હોસ્પિટલ અમદાવાદમાં સ્કીન બેંક શરૂ થયા બાદથી આજ સુધી ત્વચાના 18 દાન મળ્યા છે.